सत्यमेव जयते

| | |
|---|---|
| **આંક** | |
| **દાખલ તા.** | ૦૧/૦૪/૨૦૨૨ |
| **રજુ કર્યા તા.** | ૦૧/૦૪/૨૦૨૨ |
| **ચાર્જફ્રેમ કર્યા તા.** | ૧૧/૦૭/૨૦૨૪ |
| **તપાસેલ સાક્ષી** | ૦૨ |
| **ફેંસલ કર્યા તા.** | ૦૧/૦૧/૨૦૨૫ |
| **સમય મર્યાદા** | વર્ષ: માસ: દિવસ: |

**મે. ૩૭ માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૧, મધ્યે, અમદાવાદ શહેર.**

**ફોજદારી કેસ નં. ૩૫૪૭૯ / ૨૦૨૨**

ફરિયાદી :- શ્રી સ ર કા ર

વિરૂધ્ધ

આરોપી :- (૧) અમરતભાઇ કરશનભાઇ રાવળ, ઉ.વ.૬૦,
રહે:-મ.નં.બી/૧૫૫, રાવળ વાસ, સંજયનગર,
ગેટ નં.૩, મંગલમુર્તિ એપાર્ટ. ની પાસે, નારણપુરા, અમદાવાદ.

(૨) વિજયભાઇ સ/ઓ અમરતભાઇ કરશનભાઇ રાવળ, ઉ.વ.૨૫,
રહે:-મ.નં.૨૮,સેકટર-૦૪, દિપકભાઇ કરશનભાઇ પટેલના
મકાનમાં, નિર્ણયનગર, નારણપુરા, અમદાવાદ.

(૩) જયાબેન ડો/ઓ અમરતભાઇ કરશનભાઇ રાવળ, ઉ.વ.૩૦,
રહે:-મ.નં.બી/૧૫૫, રાવળ વાસ, સંજયનગર,
ગેટ નં.૩, મંગલમુર્તિ એપાર્ટ. ની પાસે, નારણપુરા, અમદાવાદ.

**ગુન્હો :- ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબ.**

**સરકાર તરફે :- વિ. એ. પી. પી. શ્રી વી. બી. સોલંકી.**
**આરોપીઓ તરફે :- વિ. વ. શ્રી આઇ. એ. દીવાકર.**

**-// ચુકાદો //-**

**(૧)** આ કામની ફરિયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૭/૦૨/ ૨૦૨૨ ના કલાક-૧૨.૩૦ વાગ્યાના સુમારે સાહેદ નં. ૦૪ ની સાથે મો.સા. ઉપર બહારથી આવતા હતાં, તે દરમિયાન આ કામના આરોપી નં. ૦૩ નાઓએ આ કામના ફરિયાદીબેન તથા સાહેદ નં. ૦૪ ને અગાઉના ઝગડાની અદાવત રાખી, ફરિયાદીબેન તથા સાહેદ નં. ૦૪ નાઓ તરફ આંગળી કરી, હું તમને જોઇ લઇશ તેવી કહી, ઝગડો કરી, ગંદી ગાળો બોલી, તેમજ આરોપી નં. ૦૧ તથા ૦૨ નાઓએ આરોપી નં. ૦૧ નું ઉપરાણું લઇ સાહેદ નં. ૦૨ ને ગડદાપાટુનો માર મારી જેમ ફાવે તેમ ગંદી ગાળો આપી, બદઇરાદાથી ફરિયાદીબેનના છાતીના ભાગે સ્પર્શ કરી, એકબીજાની મદદગારી કરી, ગુનો કર્યો હોવા બાબતેની ફરિયાદીએ ઘાટલોડીયા પો.સ્ટે.માં તા.૦૧/૦૩/૨૦૨૨ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબની ફરિયાદ કરતાં પોલીસે ગુના રજી.નં. એ/૧૧૧૯૧૦૪૪૨૨૦૨૦૧/૨૦૨૨ થી ગુનો રજીસ્ટર કરેલ. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પુરાવો જતાં આરોપીઓ સામે ફોજદારી કાર્યસંહિતાની કલમ-૧૭૩ અન્વયે ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**(૨)** આ કામના આરોપીઓની સામે ધોરણસરના સમન્સની બજવણી કરતાં તેઓ પોતાના વિ.વ.શ્રી મારફત હાજર થયા હતાં અને તેમને ફોજાદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૦૭ ની જોગવાઇઓને આધીન રહી પોલીસના તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હતી. ત્યારબાદ આ કામના આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનું તહોમતનામું આંક-૦૩ થી ફરમાવી વાંચી, સમજાવી આરોપીની પ્લી આંક-૦૪ થી ૦૬ સુધીની રેકર્ડ કરતાં આરોપીઓને ગુન્હો કબુલ ન હોવાથી ફરિયાદપક્ષના પુરાવા પર મુકવામાં આવેલ.

**(3)** ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સારૂં નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-: ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧. | ૦૬ | હેતલબેન રમેશભાઇ રબારીની સોગંદ પરની જુબાની. | ફરિયાદી સાહેદ |
| ૨. | ૦૮ | રમેશભાઇ તેજાભાઇ રબારીની સોગંદ પરની જુબાની. | સાહેદ |

**-: ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરિયાદ. |
| ૨. | ૦૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૩. | ૧૦ | કેસ પેપર્સ. |
| ૪. | ૧૧ | કેસ પેપર્સ. |

**(૪)** સદર કામે ફરિયાદપક્ષે ફરિયાદીએ આંક-૧૨ થી પુરાવો બંધ કરવાની પુરશીશ રજુ કરતાં ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો પુરાવો બંધ કરવા વિનંતી કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**(૫)** વધુમાં, આ કામે ફો.કા.સં. ની કલમ-૩૧૩ ની જોગવાઇઓ ધ્યાને લેતાં પ્રત્યેક ન્યાયીક કાર્યવાહીમાં ફરિયાદપક્ષના સાહેદો તપાસાઇ ગયા બાદ તથા આરોપીએ પોતાના બચાવ માટે જણાવવામાં આવે ત્યાર પહેલાં સમગ્ર કેસ બાબતે પુછવાની જોગવાઇ છે. જેથી આરોપી વિરૂધ્ધ ફરિયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ હોય તેના ખુલાસા કરવા આરોપીને તક આપવી જોઇએ. સમગ્ર કેસની કાર્યવાહી તથા પુરાવા જોતાં આ કામે આરોપી વિરૂધ્ધ કોઇ ખુલાસા લાયક પુરાવો પડેલ નથી, આરોપીના વિશેષ નિવેદનનો કોઇ પ્રશ્ન રહેતો નથી. વધુમાં, ફો.કા.સં. ની કલમ-૩૧૩(બી) ધ્યાને લેતાં કોર્ટ ધ્વારા જયારે આરોપીની અંગત હાજરી વગર કાર્યવાહી કરેલ હોય ત્યારે ફો.કા.સં. ની કલમ-૩૧૩(૧)(બી) માં જણાવેલી તપાસણી વગર કેસનો નિર્ણય કરી શકાશે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફો.કા.સં. ની કલમ-૩૧૩ અન્વયેનું આરોપીનું નિવેદન લીધેલ નથી તેમજ / અથવા જરૂર જણાય આવતી નથી.

**(૬)** ત્યારબાદ સદર કામે વિસ્તૃત દલીલો સાંભળવામાં આવી.

**(૭)** ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રેકર્ડની ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૭/૦૨/ ૨૦૨૨ ના કલાક-૧૨.૩૦ વાગ્યાના સુમારે સાહેદ નં. ૦૪ ની સાથે મો.સા. ઉપર બહારથી આવતા હતાં, તે દરમિયાન આ કામના આરોપી નં. ૦૩ નાઓએ આ કામના ફરિયાદીબેન તથા સાહેદ નં. ૦૪ ને અગાઉના ઝગડાની અદાવત રાખી, ફરિયાદીબેન તથા સાહેદ નં. ૦૪ નાઓ તરફ આંગળી કરી, હું તમને જોઇ લઇશ તેવી કહી, ઝગડો કરી, ગંદી ગાળો બોલી, તેમજ આરોપી નં. ૦૧ તથા ૦૨ નાઓએ આરોપી નં. ૦૧ નું ઉપરાણું લઇ સાહેદ નં. ૦૨ ને ગડદાપાટુનો માર મારી જેમ ફાવે તેમ ગંદી ગાળો આપી, બદઇરાદાથી ફરિયાદીબેનના છાતીના ભાગે સ્પર્શ કરી, એકબીજાની મદદગારી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓના જવાબ નીચે મુજબ આપું છું.

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

**-// કા ર ણો //-**

**(૯) <u>મુદ્દા નં. ૦૧ ની ચર્ચા :-</u>**

**(૯.૧)** હવે, આ કામે ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો, ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં આંક-૦૬ થી ફરિયાદી સાહેદ હેતલબેન રમેશભાઇ રબારીનાઓ તેમની સોગંદ પરની સરતપાસમાં જણાવે છે કે, હાલનો બનાવ સને-૨૦૨૨ ની સાલમાં બનેલો અને બનાવના દિવસે તેણી તથા તેણીના પતિ બહારથી ઘરે આવતા હતાં, ત્યારે આરોપીઓએ તેમની સાથે સામાન્ય બોલાચાલી કરેલી. બોલાચાલી સમયે આરોપીઓએ તેણીના પતિને તથા તેણીને ગડદાપાટુનો માર મારેલો. આ સિવાય બીજુ કાંઇ બનેલ નહીં. બનાવ બાબતેની તેણીએ પોલીસમાં ફરિયાદ આપી હતી, જે ફરિયાદમાં તેણી, તેણીની સહી ઓળખી બતાવે છે, જે ફરિયાદ આ કામે આંક-

૦૭ થી રજુ કરી પુરાવામાં સામેલ રાખેલ છે. આ ફરિયાદી સાહેદ તેમની સોગંદ પરની સરતપાસમાં ફરિયાદની કોઇ હકીકતને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેમને ફરીગયેલા સાહેદ જાહેર કરેલા છે અને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછતાં તેમાં પણ ફરિયાદી તેમની ફરિયાદની કોઇ હકીકતને સમર્થન કરતાં નથી. જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓએ તેમને કોઇ ગાળો આપેલ નથી કે માર મારેલ નથી, તેમજ આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી, તેમજ આરોપીઓએ તેણીની કોઇ છેડતી કરેલી નથી.

**(૯.૨)** વધુમાં, ફરિયાદપક્ષે આંક-૦૮ થી સાહેદ રમેશભાઇ તેજાભાઇ રબારીનાઓ તેમની સોગંદ પરની સરતપાસમાં ફરિયાદીએ જણાવ્યા મુજબની હકીકતો જણાવેલી છે અને તેઓ પણ હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને તેઓએ પણ બચાવપક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં આરોપીઓએ તેમને કોઇ ગાળો આપેલ ન હોવાની, તેમજ કોઇ માર મારેલ નહીં હોવાની, તેમજ તેમની પત્નીની કોઇ છેડતી કરેલ નહીં હોવાની વાતનો સ્વીકાર કરેલ છે.

**(૧૦)** વધુમાં, સદર કામે આરોપી તરફે આંક-૦૯ થી રજુ પંચનામાને તથા આંક-૧૦, ૧૧ થી રજુ કેસ પેપર્સને વિ.વ.શ્રી ધ્વારા આંકે પાડવા સામે વાંધો નથી તે મતલબનો શેરો કરતાં તે ફરિયાદપક્ષે પુરાવામાં રજુ રાખેલ છે, પરંતુ સદર કામે ફરિયાદીએ આંક-૧૨ થી રજુ પુરાવા બંધની પુરશીશ રજુ કરતાં, અન્ય કોઈ સાહેદોને આ કામે તપાસવામાં આવેલા નથી. જેથી, રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામે આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટે તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી કારણ કે, કોઇપણ દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાથી સમર્થન મળતું હોય ત્યારે જ તે દસ્તાવેજી પુરાવાની હકીકતે આરોપી સામેના આરોપીમાં ઉપયોગમાં લઇ વંચાણે લઇ શકાય તેવો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે અને એવીડન્સ એકટની કાયદાકીય જોગવાઇને પણ આ તબકકે ધ્યાને લઇને તેનું પુરાવાકીય મુલ્યાંકન કરવાનું રહે છે. આમ, આ કામે જે દસ્તાવેજ પુરાવા તરીકે રજુ કરેલ છે તેના સાહેદોના મૌખિક પુરાવાના અભાવે આ દસ્તાવેજી પુરાવાને સમર્થન મળેલ નથી. જેથી, સદર કામના આરોપીએ જ ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવેલી જગ્યાએ ફરિયાદી સાથે ઝગડો કરી, બિભત્સ ગાળો બોલી, માર મારી, ફરિયાદીની છેડતી કરેલી હોય તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષ તમેના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી. જેથી, આ દસ્તાવેજી પુરાવાને વંચાણે લઇ તેનો ઉપયોગ આરોપીઓની વિરૂધ્ધમાં કરી શકાય નહીં, તેમ આ અદાલતનું માનવું છે.

**(૧૧)** આમ, સદર કામે ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં સદર કામે મુળ ફરિયાદીની આંક-૦૬ થી તથા ભોગ બનનાર સાહેદ રમેશભાઇની આંક-૦૮ થી રેકર્ડ કરેલ

જુબાની, તેમજ સદર રેકર્ડ વંચાણે લેતાં મુળ ફરિયાદી તથા ભોગ બનનાર સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલા છે અને તેઓના પુરાવાથી ફરિયાદપક્ષે સમર્થન કરતો હોય તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને રજુ પુરાવાથી ફરિયાદી તથા ભોગ બનનાર સાહેદને આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાંઇ બનેલ નથી અને સદર કામના આરોપીઓએ ફરિયાદી તથા ભોગ બનનાર સાહેદ સાથે ઝગડો કરી, બિભત્સ ગાળો બોલી, માર મારી, ફરિયાદીની છેડતી કરેલ હોય તેવું બનેલ નથી. આમ, આ કામના ફરિયાદી તથા ભોગ બનનાર સાહેદની આરોપીઓ તરફેની ઉલટતપાસની હકીકતે ફરિયાદી તથા ભોગ બનનાર સાહદે આરોપીઓ સામેના આક્ષેપીત ગુનાના આવશ્યક તત્વોને સમર્થન કરેલ ન હોય તે હકીકતો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(૧૨)** આમ, જયારે ફરિયાદી તથા ભોગ બનનાર સાહેદ છે, તે ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય અને ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેતાં હોય અને પડેલ પુરાવાથી કોર્ટને એવું જણાઇ આવે કે, બાકી સાહેદોને તપાસવાથી પણ ફરિયાદપક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં સફળ થાય તેમ નથી, ત્યારે કોર્ટને વધુને વધુ સાક્ષીઓ તપાસવાની ઔપચારીકતા નિભાવીને કોર્ટનો મૂલ્યવાન સમય વેડફવો ન જોઇએ અને ઉપરોકત સિધ્ધાંત નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા પોતાના ચુકાદા જેવા કે, (૧) ૧૯૯૬(૩) ક્રાઇમ્સ પાના નંબર : ૮૫ સતીષ મહેતા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને (૨) ૨૦૦૮(૩) - ક્રિ. લો. જનરલ - ૨૨૪૩, મદન મોહન અબ્બોટ વિ. સ્ટેટ ઓફ પંજાબ અને હરિયાણા - સુપ્રિમ કોર્ટમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા છે. સદર સિધ્ધાંતને અનુસરીને અત્રેની અદાલત ધ્વારા ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ કરેલ છે અને પડેલ પુરાવાથી ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોવાના તારણ પર આવેલ છે.

**(૧૩)** હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતાં ફરિયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. તેમજ ફરિયાદપક્ષ આરોપીઓને ગુન્હા સાથે સાંકળતો સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ પર રજુ કરેલ શકેલ નથી કે એવી કોઇ ક્રમબધ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય. તેમજ એવો કોઇ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ પર રજુ કરેલ નથી કે, જેથી આરોપીઓએ ફરિયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવું અનુમાન થઇ શકે. જેથી, ઉપર મુજબ મુદ્દા નંબર - ૦૧ નો નિર્ણય " **નકારમાં** " ઠરાવી મુદ્દા નંબર - ૦૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુ ક મ //-**

સદર કામે ઘાટલોડીયા પો.સ્ટે. ના ગુના રજી. નં. એ/૧૧૧૯૧૦૪૪૨૨૦૨૦૧/૨૦૨૨, ક્રિમી. કેસ નં. ૩૫૪૭૯ /૨૦૨૨ ના કામે આરોપી નં. (૧) અમરતભાઇ કરશનભાઇ રાવળ, આરોપીનં. (૨) વિજયભાઇ સ/ઓ અમરતભાઇ કરશનભાઇ રાવળ તથા આરોપી નં. (૩) જયાબેન ડો/ઓ અમરતભાઇ કરશનભાઇ રાવળનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા ૧૧૪ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાઓ માંથી પુરાતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે દરેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૩૭(એ) મુજબ રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ઉપરની અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા માટેના આપવા.

આ હુકમ આજ રોજ તા. ૦૧ લી, માહે-જાન્યુઆરી, સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૦૧/૦૧/૨૦૨૫
સ્થળ :- અમદાવાદ.

(ડો. ભારતી ગોવિંદભાઇ રાઠોડ)
૩૭ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨, અમદાવાદ શહેર.
UNIQUE CODE GJ - 01481

#VBVALA#